દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
શુક્રવાર ૨૪ મે, ૨૦૨૪

# વ્હાઈટ હાઉસની પરસાળોમાં ભારતીયોનો દબદબો વધ્યો છે

હાલમાં અમેરિકી પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઇટ હાઉસમાં ભારતીયો માટે એક નોંધપાત્ર કહી શકાય તેવી ઘટના બની. વ્હાઇટ હાઉસના મરીન બેન્ડે પ્રમુખ જો બાઇડન અને ઉપપ્રમુખ કમલા હેરિસની હાજરીવાળા એક સત્કાર સમારંભમાં સંખ્યાબંધ એશિયન અમેરિકનોની હાજરીમાં ‘સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા’ ગીતની ધૂન વગાડી હતી. હાલ થોડા દિવસ પહેલા વ્હાઇટ હાઉસમાં વાર્ષિક એશિયન અમેરિકન, નેટિવ હવાઇયન અને પેસેફિક આઇલેન્ડર (એએએનએચપીઆઇ) હેરિટેજ મન્થની ઉજવણી કરવા માટે એશિયન અમેરિકનો ભેગા થયા હતા તે પ્રસંગે મહાકવિ ઇકબાલ દ્વારા લખવામાં આવેલ આ દેશપ્રેમી ગીત વગાડવામાં આવ્યું હતું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે ડો. ઇકબાલે લખેલું આ ગીત વ્હાઇટ હાઉસના આ વાર્ષિક સમારંભમાં ત્યાં હાજર ભારતીય અમેરિકનોની વિનંતીને પગલે વ્હાઇટ હાઉસ મરીન બેન્ડે બે વખત વગાડ્યું હતું. આ બીજો પ્રસંગ છે કે જ્યારે વ્હાઇટ હાઉસમાં આ ગીત વગાડવામાં આવ્યું હોય. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વ્હાઇટ હાઉસની સત્તાવાર મુલાકાત વખતે વગાડવામાં આવ્યું હતું. અમેરિકા આમ પણ વસાહતીઓનો દેશ કહેવાય છે અને વિશ્વના અનેક ભાગોમાંથી આવીને વસેલા લોકો વડે જ આ દેશ બન્યો છે. આમ તો આ દેશમાં મૂળ યુરોપ ખંડથી આવેલ શ્વેત પ્રજાની બહુમતિ છે જે હવે પોતાને મૂળ અમેરિકન ગણાવે છે! જો કે તેણે વસાહતીઓના દેશ તરીકેની પોતાની છાપ જાળવી રાખી છે. સદીઓ અને દાયકાઓ દરમ્યાન દુનિયાભરમાંથી લાખો લોકો અમેરિકામાં ઠલવાયા છે. ભારત, ચીન, પાકિસ્તાન, ફિલિપાઇન્સ, શ્રીલંકા, બાંગ્લાદેશ જેવા દેશોમાંથી આવેલા લોકોની સંખ્યા અહીં નોંધપાત્ર થઇ ગઇ છે. પેસેફિક ક્ષેત્રના ટાપુઓ પરથી આવીને વસેલા લોકોની સંખ્યા પણ અહીં મોટી છે પણ છેલ્લા કેટલાક વર્ષોમાં અહીં ભારતીયોએ અનેક ક્ષેત્રે મોટું કાઠું કાઢ્યું છે તે એક અવગણી નહીં શકાય તેવી બાબત છે.

અમેરિકામાં અને તેને પગલે ત્યાંની સત્તાની પરસાળોમાં અને પ્રમુખ આવાસ વ્હાઇટ હાઉસમાં ભારતીયોનો વટ વધયો છે તે સાથે જ પ્રમુખ આવાસમાં ભારતીય વાનગીઓનો દબદબો પણ વધ્યો છે. ગોલગપ્પા, પાણી પુરી અથવા પુચકાના નામે ઓળખાતી નાસ્તાની વાનગી એ વ્હાઇટ હાઉસના સત્કાર સમારંભોમાં હવે મહેમાનોને વારંવાર પીરસવામાં આવતી વાનગી બની ગઇ છે. મોઢામાં પાણી લાવતી આ વાની અમેરિકી પ્રમુખના સત્તાવાર આવાસમાં એએએનએચપીઆઇ હેરિટેજ મન્થની ઉજવણીના સમારંભમાં પણ પીરસવામાં આવી હતી. પ્રમુખ જોસેફ બાઇડન દ્વારા આયોજીત આ સમારંભમાં અનેક એશિયનો, હવાઇયનો અને પેસિફિક ટાપુઓના વતનીઓ આમંત્રિત હતા જેમાં આ વાનગી પીરસાઇ હતી. અગાઉ વ્હાઇટ હાઉસમાં સમોસા જ રિસેપ્શન મેનુમાં આવતી ભારતીય વાનગી રહેતી હતી પરંતુ હવે પાણી પુરી તેના કરતા આગળ નીકળી ગઇ લાગે છે. જે સત્કાર સમારંભમાં ભારતીયોની હાજરી હોય તેમાં પાણીપુરી ખાસ પીરસવામાં આવે છે જે ઉત્તર ભારતમાં ગોલગપ્પાના નામે પણ ઓળખાય છે. ભારતીય સમુદાયના નેતા અજય જૈન ભુટોરિયાએ પૂછતા વ્હાઇટ હાઉસના એક્ઝીક્યુટિવ શેફ ક્રિસ્ટેટા કમ્ફોર્ડે કહ્યું કે બધી વાનગી વ્હાઇટ હાઉસમાં જ બનાવવામાં આવી છે. એટલે સ્વાભાવિક રીતે જ પાણીપુરી પણ વ્હાઇટ હાઉસના રસોડામાં જ તૈયાર કરવામાં આવી હશે. વ્હાઇટ હાઉસમાં આ સમારંભમાં પીરસાયેલી બીજી ભારતીય વાનગી ખોયા નામની મિઠાઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિદેશ વિભાગ દ્વારા આયોજીત દિવાળી સમારંભમાં પણ પાણીપુરી પીરસાઇ હતી. વ્હાઇટ હાઉસમાં છેલ્લા કેટલાક વર્ષોથી દિવાળીની પણ ઉજવણી થાય છે તે પણ ભારતીયોનો વધેલો દબદબો સૂચવે છે.

એશિયન અમેરિકનો, હવાઇયનો અને પેસેફિક આઇલેન્ડરોના આ સત્કાર સમારંભમાં અમેરિકાના સર્જ્યન જનરલ ડો. વિવેક મૂર્થિએ ડ્રમ વગાડીને ત્યાં હાજર લોકોને ડોલાવ્યા હતા. આ ૪૬ વર્ષીય ફિઝિશ્યને માર્ક ટાઇકો કનેકશન ગ્રુપના કલાકારો સાથે મળીને ડ્રમ વગાડ્યું હતું. આ ભારતીય અમેરિકન સર્જ્યન જનરલે થોડી મિનિટો માટે ડ્રમ વગાડ્યું હતું. આ પ્રસંગે તેમણે પોતાની પણ કેટલીક અંગત વાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે મારા દાદા દક્ષિણ ભારતના એક ગામડાના ગરીબ ખેડૂત હતા. તેમણે ક્યારેય સપનું નહીં જોયું હોય કે એક દિવસ તેમના પૌત્રને અમેરિકાના પ્રમુખ દ્વારા સમગ્ર દેશના આરોગ્ય પર દેખરેખ રાખવાનું કહેવામાં આવશે. આ અમેરિકાની શક્તિ અને વચન છે. તેથી આપણે એ ક્યારેય ભૂલીએ નહીં કે આપણે ક્યાંથી આવ્યા છીએ એમ ડો. મૂર્થિએ કહ્યું હતું. તેમની વાત બિલકુલ સાચી છે. અમેરિકા કોઇ પણ ભેદભાવ વિના તમામ લોકોને પોતાની ક્ષમતાઓ વિકસાવવાની અને દર્શાવવાની તક આપે છે. ડો. વિવેક મૂર્થિ અમેરિકાના સર્જ્યન જનરલ બન્યા છે તો ભારતીય મૂળના કમલા હેરિસ તો છેક ઉપપ્રમુખના હોદ્દા સુધી પહોંચ્યા છે. અનેક ભારતીયો આજે અમેરિકામાં સાંસદ છે. તેમને અમેરિકાની ઉદાર લોકશાહીનો લાભ મળ્યો છે તો બીજી બાજુ અમેરિકાની ઉદાર લોકશાહી અને ઉદાર વાણીસ્વાતંત્ર્યનો ગેરલાભ ઉઠાવીને કેટલાક ભારતીયો ખાલીસ્તાનવાદી ઉધામા પણ કરે છે તે એક જુદી વાત છે. પણ અમેરિકાના ઉદાર અને તકો પૂરી પાડનારા માહોલમાં સુંદર પિચાઇ જેવા અનેક ભારતીયો મહાકાય અમેરિકી કંપનીઓના વડા પણ બન્યા છે. આમાં અમેરિકાની ઉદારતા ઉપરાંત ભારતીયોની ક્ષમતાના પણ દર્શન થાય છે.

## અપરાજિત



### ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

હાઈ વે પર અકસ્માત થયો.ડ્રાઈવરનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું. ચાર કલાક સુધી સાથી પેસેન્જર લોહીમાં પડી રહ્યા, પણ કોઈ મદદ મળી નહિ.પરિવારજનો આવ્યાં અને લગભગ પાંચ કલાક બાદ મેડીકલ સારવાર મળી.૫૮ વર્ષના અમૃતલાલ ગંભીર રીતે ઘાયલ હતા, પણ ભાનમાં હતા.તેમના પગમાંથી ઘણું લોહી વહ્યું હતું.પરિવારજનોને જોતાં જ બોલ્યા, “ડ્રાઈવરના મૃત્યુનું દુ:ખ છે.મને પગમાં બહુ વાગ્યું હતું અને અહીંથી પસાર થનાર કોઈની મદદ મળી નહિ.જો મદદ મળી હોત તો હું જરૂર તેને બચાવવાની કોશિશ કરત.પુત્ર અનિલે પિતાને શાંત રહેવા કહ્યું અને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા.

અમૃતલાલજીમાં હિંમત હતી.ઘણું લોહી વહ્યા છતાં તેઓ ભાનમાં હતા.તેમને હાથ અને પગમાં ગંભીર ઈજા થઇ હતી.અનિલ અને અન્ય પરિવારજનો ડોક્ટર શું કહેશે તેની ચિંતામાં હતા. અમૃતલાલજીને તપાસી ડોક્ટર આવ્યા અને ખરાબ સમાચાર આપતાં કહ્યું, “કે પગનો ઘા ખૂબ જ ઊંડો છે અને ઇન્ફેકશન ફેલાયું છે.સારવાર પણ ઘણી મોડી મળી છે તેથી હમણાં કંઈ કહી શકાય નહિ.જો જલ્દી ફરક નહિ પડે તો સ્થિતિ ગંભીર બનશે.”બધાની ચિંતા વધી ગઈ.બે દિવસ થયા.ઘામાં સડો થવા લાગ્યો.ત્રીજે દિવસે ડોક્ટરે જણાવ્યું, “જીવ બચાવવા માટે પગ કાપવો પડશે.” અમૃતલાલજી વેપાર ધંધા માટે ખૂબ ફરતા અને આમ પણ ફરવા જવાના શોખીન હતા. તેમણે આ વાત કોણ જણાવશે અને તેમની પર શું વીતશે? તે ચિંતા બધાને થવા લાગી. છેવટે ડોક્ટર અને પુત્ર અનિલે હિંમત ભેગી કરી અમૃતલાલજીને પગ કાપવાની વાત જણાવી.કહેતાં કહેતાં જ અનિલની આંખોમાં આંસુ આવી ગયા.પણ બધાના આશ્ચર્ય વચ્ચે અમૃતલાલજીએ ગજબ હિંમત બતાવી.અનિલને કહ્યું, “રડ નહિ,આમ પણ બહુ ફરી લીધું. હવે શાંતિથી ઘરે રહીશ. કામ સંભાળવા માટે તો તું છે જ, તેથી મને કોઈ ચિંતા નથી.” ઓપરેશન થયું.પગ કપાયો.પણ હિંમત અકબંધ હતી. ઘરમાં ઓટોમેટીક વ્હિલચેર આવી ગઈ. તેની પર બેસી અમૃતલાલજી આખા ઘરમાં ફરતા.ઘરમાં રંગ ..પીંછી ..કેનવાસ ગોઠવાઈ ગયા અને અમૃતલાલજી આટલાં વર્ષોનો તેમનો બાકી રહી ગયેલ શોખ ચિત્રકલામાં મન પરોવી ખુશ રહેતા.તેમનાં ચિત્રો પણ ખુશી ...ઉત્સાહ...આનંદ દર્શાવતાં રંગબેરંગી હતાં.છ આઠ મહિનામાં તેમણે ‘અપરાજિત’ શીર્ષક હેઠળ પોતાનાં ચિત્રોનું પ્રદર્શન ગોઠવ્યું અને સંદેશ આપ્યો કે હાર્યા વિના જે પરિસ્થિતિ આવે તેનો સામનો કરો.માર્ગ કાઢો.ખુશ રહો તો જીતી જશો.

# વસ્તીની રચના સમજવાનો પ્રયાસ

## કહેવાની વાત
**નેહા શાહ**

> **દરેક સમાજમાં એવાં રડ્યાંખડયાં લોકો છે, જેઓ ધર્મ કે કોમના નામે વધુ બાળકો રાખવાની હિમાયત કરતાં હોય. પણ, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ સાથે લોકો જ એવાં તત્ત્વોને જાકારો આપતાં હોય છે. જેટલી ઝડપથી આર્થિક વૃધ્ધિનાં ફળ તળિયે રહેલાં લોકો સુધી પહોંચશે એટલી ઝડપથી વસ્તીવધારાનો પ્રશ્ન કાબૂમાં આવશે.**

વિશ્વભરમાં વસ્તીની રચનામાં ધાર્મિક ઘટકો કઈ રીતે બદલાયાં છે એનું વિશ્લેષણ કરતો એક રિપોર્ટ પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર સમિતિ તરફથી તાજેતરમાં બહાર આવ્યો. આ રિપોર્ટ ભારત સહિત વિશ્વના 167 દેશોનું 1950 થી 2015 સુધીનું વિશ્લેષણ કરે છે, જેનો હેતુ લઘુમતી સમાજની બદલાતી સંખ્યા પ્રમાણે સમજવાનો છે, જે માટે માહિતીના અભાવે આંકડા બહુમતી સમાજની વસ્તીના લેવાયા છે. બદલાવ પાછળનાં કારણોની ચર્ચા કરવામાં આવી નથી. આ રિપોર્ટે પાછી ચર્ચા ચગાવી કારણ કે લોકસભા ચૂંટણીની પ્રક્રિયાની મધ્યે જાહેર થયેલ આ રિપોર્ટના ભારત અંગેનાં તારણ કહે છે કે 1950થી 2011 સુધી હિન્દુ વસ્તીનું પ્રમાણ 84.68 ટકાથી ઘટીને 78.06 ટકા થયું છે. આ 6.61 ટકાના ઘટાડાનો દર ગણીએ તો એ 7.8 ટકા થાય. એની સામે મુસ્લિમ સમુદાયની વસ્તી કુલ વસ્તીના 9.84 ટકાથી વધીને 14.09 ટકા થઈ છે, એટલે કે 4.25 ટકા વધારો છે. આ વધારાના દરને ટકાવારીમાં સમજાવીએ તો એ 43.15 ટકા થાય. બસ, મિડિયાએ માત્ર આ એક આંકડાને ચગાવ્યો અને ગાડી આડા પાટે ચડી ગઈ (કે પછી જાણી જોઈને આડા પાટે ચડાવવામાં આવી).

અહીં બે મુદ્દા સમજવા જેવા છે. એક, ટકાવારી એક તુલનાત્મક આંકડો છે. તુલના માટેનો પાયાનો આંકડો જેટલો નીચો એટલી ટકાવારી ઊંચી. દા.ત. કોઈ સમુદાયની સંખ્યા એકમાંથી વધીને બે થાય તો એ સો ટકાનો વધારો ગણાય, પણ જો દસમાંથી વધીને અગિયાર થઈ તો દસ ટકા અને સો માંથી વધીને એકસો એક થઈ તો માત્ર એક ટકાનો વધારો થયો કહેવાય. ત્રણેય કિસ્સામાં કુલ સંખ્યામાં તો એકનો જ વધારો છે. કહેવાનો મતલબ એ છે કે લઘુમતી કોમની વસ્તી ચોક્કસ વધી જ છે, પણ 43 ટકાનો આંકડો જેટલો ભયાવહ લાગે છે એટલો છે નહીં. આ જ પદ્ધતિ પ્રમાણે બૌધ્ધધર્મીઓનું પ્રમાણ કુલ વસ્તીના 0.05 ટકાથી વધીને 0.81 ટકા થયું છે એટલે કે 1,520 ટકા. પારસીને છોડીને દરેક લઘુમતી સમુદાયની વસ્તી ભારતમાં વધી છે.

બીજો મુદ્દો જે ટી.વી. ડિબેટમાં તેમજ રાજનેતાઓ દ્વારા ઓછો ચર્ચાય છે તે એ કે 1992 થી લઈ ને 2019ના પ્રજનન દરના આંકડા. 2011 પછી વસ્તી ગણતરી થઈ નથી, પણ આપણી પાસે નેશનલ ફેમિલી હેલ્થના આંકડા છે, જે બતાવે છે કે છેલ્લા બે દાયકામાં ભારતમાં પ્રજનનનો દર 41 ટકાના દરે ઘટ્યો છે. મુસ્લિમ સ્ત્રીઓમાં 45 ટકાના દરે અને હિન્દુ સ્ત્રીઓમાં 42 ટકાના દરે ઘટ્યો છે. એટલે કે મુસ્લિમ સમુદાયમાં પ્રજનન દર સૌથી ઝડપથી ઘટી રહ્યો છે. દા.ત. ઉત્તર પ્રદેશ અને બિહારમાં હિન્દુ તેમજ મુસ્લિમ સ્ત્રીનો પ્રજનન દર કેરલાની મુસ્લિમ સ્ત્રી કરતાં વધારે છે. આમાં આશ્ચર્ય પામવાને કોઈ કારણ નથી. આ પાછળ જૂનાં અને જાણીતાં કારણો જ કામ કરે છે - જેમ કે કૌટુંબિક આવકમાં વધારો, સ્ત્રીશિક્ષણમાં વધારો, સુધરેલી આરોગ્યની સુવિધા. કોઈ પણ સમાજની વ્યક્તિ પોતાના કુટુંબ માટે આર્થિક પ્રગતિ ઈચ્છે છે, જે માટે ઓછાં બાળકો સાથે સારા જીવનની શક્યતા જુએ છે.

દરેક સમાજમાં એવાં રડ્યાંખડયાં લોકો છે, જેઓ ધર્મ કે કોમના નામે વધુ બાળકો રાખવાની હિમાયત કરતાં હોય. પણ, આર્થિક અને શૈક્ષણિક પ્રગતિ સાથે લોકો જ એવાં તત્ત્વોને જાકારો આપતાં હોય છે. જેટલી ઝડપથી આર્થિક વૃધ્ધિનાં ફળ તળિયે રહેલાં લોકો સુધી પહોંચશે એટલી ઝડપથી વસ્તીવધારાનો પ્રશ્ન કાબૂમાં આવશે.

લઘુમતી વસ્તી વધવાનું બીજું કારણ સ્થાળાંતર છે. વિશ્વમાં જ્યાં જ્યાં રાજકીય અસ્થિરતા છે ત્યાંથી લોકો સ્થિર અને સમૃધ્ધ દેશોમાં ગયા છે. આની અસર અમેરિકા અને યુરોપમાં પણ વ્યાપક સ્તરે દેખાય છે. મુખ્યત્વે આ સ્થળાંતર મધ્ય એશિયાના દેશોમાંથી વિશ્વના બીજા હિસ્સામાં થયું છે. ભારતની વાત કરીએ તો પાડોશી દેશોમાં જ્યારે જ્યારે અસ્થિરતા આવી છે ત્યારે લોકોએ ભારતમાં શરણ લીધું છે. ભારત આર્થિક રીતે વિકાસશીલ દેશ હોવા છતાં લઘુમતીને રક્ષણ આપવાની વાતે વિકસિત દેશોની હરોળમાં આવે છે. વિવિધતામાં સમાનતાનાં મૂલ્યો દેશને આપણા બંધારણમાંથી મળ્યા છે. અહીં, એ પણ યાદ રાખવું જોઈએ કે મધ્ય એશિયાના દેશોમાં - અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પણ - 1950 પછી ઊભી થયેલી રાજકીય અસ્થિરતા, અરાજકતા અને ધાર્મિક કટ્ટરતા પાછળ ખનિજ તેલનું આંતરરાષ્ટ્રીય રાજકારણ પણ એટલું જ જવાબદાર છે, જેટલા તેમના આંતરિક સંઘર્ષો.

મ્યાનમારથી આવેલા રોહીંગ્યાનો પ્રશ્ન જુદો છે. અહીંથી પ્રતાડિત રોહીંગ્યા મુખ્યત્વે બાંગલા દેશમાં અને પછી ભારત સહિત બધા પાડોશી દેશોમાં શરણ લીધું છે. યાદ રહે, મ્યાનમારમાં બહુમતી બૌધ્ધ ધર્મની છે.

તો શું જેમ આ રિપોર્ટ કહેવા માંગે છે કે ભારતમાં લઘુમતી સમુદાયો ફૂલ્યા-ફાલ્યા છે એવું કહી શકાય? આ રિપોર્ટ પાસે 2011 સુધીના જ આંકડા છે. લઘુમતી પ્રતાડના ભારતમાં ક્રુડ સ્વરૂપે નથી. પણ, આર્થિક, સામાજિક અને રાજકીય માપદંડ પર લઘુમતી કોમો સૌથી પાછળ ચાલે છે એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. વસ્તીની બદલાતી રચનાને સમજવા અને ભવિષ્યની નીતિ ઘડવા આ પરિબળોને ધ્યાનમાં લેવાં પડશે. માત્ર હિન્દુ-મુસ્લિમ કાર્ડ રમવાથી નહીં ચાલે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# મે મહિનો આવતાં જ આપણા વિકાસની વાતો પર પ્રશ્નાર્થ લાગી જાય છે

## અર્થ અનર્થ
**કાર્તિકેય ભટ્ટ**

> **આપણે આપણી રોજિંદી જરૂરિયાતો સાથે લેવા દેવા છે અને આપણે જયારે બુલેટ ટ્રેન કે મેટ્રો ટ્રેનના લાખો કરોડો રૂપિયા વાપરવા બેઠા હોઈએ, દુનિયામાં આપણા રાજ્યને મોડેલ સ્ટેટ કહેતા હોઈએ ત્યારે આ મોડેલ સ્ટેટ આ વિકાસનો અનુભવ ગુજરાતના છેલ્લા માણસને પણ થવો જોઈએ**

૧ મે એ ગુજરાતનો સ્થાપના દિવસ છે. આ વખતે સાતમી મે એ લોકસભાની ચૂંટણીનું મતદાન હતું એટલે ગુજરાત દિવસની ઉજવણી ફિક્કી રહી. બાકી ઉત્સવનો માહોલ હોય. પણ આ મે મહિનો આવતાં જ ગુજરાતના અનેક જિલ્લામાં પાણીની દારુણ સ્થિતિ અને તંત્રની લાચારી જોતાં જ આપણને એમ થાય કે હું હસું યા રોઉં. જયાં નર્મદા વહે છે ત્યાંની નજીકના ગામડામાં બહેનોએ દૂર પાણી ભરવા જવું પડે છે. ગુજરાતમાં પાણીની તંગી આજની નથી. કોંગ્રેસના શાસનમાં જે ન થયું તે ભાજપનાં ૨૫ વર્ષના શાસનમાં પણ ના થયું. આ વર્ષ તો ચૂંટણીનું હતું, છતાં સરકારને જાણે કે નિરાંત હતી કે ગુજરાતમાં પાણીનો પ્રશ્ન વિકટ નથી અને હોય તો પણ એ વોટીંગમાં અસર કરવાનો નથી. ગુજરાતના છ જિલ્લામાં છ મહિના પાણી નહિ આવે તોય લોકો બોલવાના નથી. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા અને સાબરકાંઠા તો છેવાડાના જિલ્લા છે, પણ રાજકોટ જેવા જિલ્લાઓમાં પાણીની તકલીફ છે. આ જળસંકટ આજનું નથી. ગયા વર્ષે પણ સરકારે ખેડૂતોને ઉનાળુ પાક ના લેવા વિનંતી કરી હતી. ગુજરાતની જીવાદોરી સમી નર્મદામાં પણ પાણી ખૂટ્યાં છે ત્યારે થાય કે ક્યાંક ને ક્યાંક આપણે જળવ્યવસ્થાપનમાં ઊણાં ઊતર્યાં છીએ.

ગુજરાતમાં માત્ર પીવાના પાણીની તંગી છે એવું નથી, ખેતી માટે પણ પાણી નથી. હા, ઉદ્યોગોએ બૂમો નથી પાડી એ આશ્ચર્યની વાત છે. કારણકે ઉદ્યોગોને પણ પાણી ખૂબ જોઈએ છે.માટે એક શંકા એ પણ જાય કે વધારે પડતા ઔદ્યોગિકીકરણને કારણે તો આપણા તળનાં નીર ઊંડાં નહિ ગયાં હોય ને? આ ઉદ્યોગો વધારે પાણી ખેંચી જાય છે અને ખૂબ પાણી પ્રદૂષિત કરે છે તે તો આપણા જળસંકટ માટે જવાબદાર નહીં હોય ને?

ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે જ્યારે અનેક મેસેજો ગુજરાત ગૌરવના જોયા ત્યારે થયું કે આપણે શહેરીજનોને આ ગ્રામ્ય પ્રજાની,પાયાની જરૂરિયાત માટે તરસતી પ્રજાની કેવી મશ્કરી કરીએ છીએ. આપણે કેવા ભ્રામક ખુશીના,જાતે જ પીઠ થાબડવાનાં કાર્યોમાં રત રહીએ છીએ.

જો આપણે બધાં ખરેખર ગુજરાતી અને ગુજરાતનું હિત જોનારાં છીએ તો આપણને રાજકોટમાં ત્રણ દિવસે પાણી મેળવતાં લોકો કે બનાસકાંઠામાં કીલોમીટર દૂરથી થોડું પાણી ભરી આવતી સ્ત્રીઓની ચિંતા થાય છે?

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો વખતે આપણે લખ્યું હતું કે આપણા શહેરી મતદારો માત્ર પોતાની જ હાલત વિષે વિચારે છે. આપણાં ગ્રામીણ મતદારો અને શહેરી મતદારો જુદા મુદ્દે વોટીંગ કરે છે અને ગુજરાતમાં કુલ વસ્તીના ૪૫ ટકા શહેરી વસ્તી છે. અહીં ફ્લેટના ત્રીજા માળે બાથરૂમમાં પાણી આવે છે અને મકાન વેચનારા બિલ્ડરો જાહેરાત કરે છે ૨૪ કલાક પાણી મળશે અને આ બિલ્ડરો બોર બનાવી પાણી ખેંચી લે છે. આ કુદરતી સંપત્તિ કોઈ પણ લૂંટી લે છે અને આ સગવડ ભોગવનારા ક્યારેય પેલાં તરસ્યાં લોકો અને સુક્કા ખેતરોની તકલીફ સમજી શકતા નથી કે ના એમની તકલીફ દૂર કરવા સરકાર પર દબાણ બનાવે છે અને વાત માત્ર પાણીની નથી. કોઈ પણ સરકારનું મૂલ્યાંકન કેવી રીતે કરાય? તો કે એ સરકારી તંત્ર દ્વારા અપાતી જાહેર સેવાઓનું મૂલ્યાંકન કરો, એની હાલત તપાસો અને ગુજરાતના સરકારી દવાખાનાની હાલત તપાસો,ગુજરાતની જાહેર પરિવહન સેવાની હાલત તપાસો.ગુજરાતની સરકારી શાળામાં જાવ ને તમારી જાતને પૂછો કે તમે અહીં તમારા બાળકને ભણાવશો? અને શહેરોના ટ્રાફિકનો અનુભવ કરો. કાયદો અને વ્યવસ્થા તપાસો. આપણે રોજ સવાર પડે ને આપણી હાલતને કોંગ્રેસના શાસન સાથે સરખાવીએ છીએ અને ગુજરાતને બિહાર અને ઉત્તર પ્રદેશ સાથે સરખાવીએ છીએ. આપણે આ બંધ કરવું જોઈએ. આપણે કોંગ્રસ કે યુપી બિહાર સાથે લેવા દેવા નથી. આપણે આપણી રોજિંદી જરૂરિયાતો સાથે લેવા દેવા છે અને આપણે જયારે બુલેટ ટ્રેન કે મેટ્રો ટ્રેનના લાખો કરોડો રૂપિયા વાપરવા બેઠા હોઈએ, દુનિયામાં આપણા રાજ્યને મોડેલ સ્ટેટ કહેતા હોઈએ ત્યારે આ મોડેલ સ્ટેટ આ વિકાસનો અનુભવ ગુજરાતના છેલ્લા માણસને પણ થવો જોઈએ. અર્થશાસ્ત્રમાં કહેવાયું છે કે સાધનો મર્યાદિત છે અને જરૂરિયાતો અમર્યાદિત એટલે બુદ્ધિશાળી માણસ એ છે, જે પોતાની જરૂરિયાતોનો ક્રમ નક્કી કરે. દુનિયાના જે દેશોમાં બુલેટ ટ્રેન છે ત્યાં બીજી બાજુ પીવાના પાણી માટે મહિનાઓ સુધી વલખાં મારતાં લોકો નથી. પ્રાથમિક શિક્ષણના અભાવે રખડતાં બાળકો નથી. હોસ્પિટલોમાં સગવડના અભાવે રખડતાં દર્દીઓ નથી. એ દેશોમાં પાયાની જરૂરિયાતો પત્યા પછી આધુનિકીકરણ થયું છે. આપણે જો ગુજરાતી છીએ અને ગુજરાતી હોવાનું આપણને ગૌરવ હોય તો આપણા જ ભાઈઓ તરસ્યા હોવાનું આપણને દુ:ખ પણ હોવું જોઈએ. મે મહિનો માત્ર ગરમીનો મહિનો નથી. એ તરસ અને પાણીની તંગીનો પણ મહિનો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

## આટલી બધી ભેળસેળ: તંત્ર ચૂપ છે

જીવન જરૂરિયાતની પ્રત્યેક ચીજ વસ્તુઓ ભેળસેળ થકી અભડાઇ ગઇ છે. આજકાલ દરરોજ વર્તમાનપત્રમાં બનાવટી જીરુ, હળદર, મરચાં, આઇસ્ક્રીમ (જેમાં દૂધ હોતું જ નથી) માવા મીઠાઇ શોધવું પડે. કઇ વસ્તુમાં મિલાવટ નથી. વર્ષમાં એકાદ બે વાર નમૂનાઓ લેવાય અને સમાચાર સ્પષ્ટ શબ્દોમાં ફેઇલ આવે. પ્રજા સુધ્ધાં આ બધું વાંચે, જાણે, પરંતુ લાચાર. બરફના ગોળા પર છંટાતો રંગબેરંગી શરબતનો મારો ટેસ્ટી તો હોય, પરંતુ એનું ઝેર ગરમીના દિવસોમાં પેટમાં રેડાય અને ડાયેરીયા જેવા દર્દ થાય. નમૂનાનો રીપોર્ટ આવ્યા પછી શું થયું તો માહિતી છૂપી રહે અને પડેલી ટેવ કંઇ જાય. થોડા દિવસ પછી એ રામ એના એ જ. માટે આવા ભેળસેળિયા નમૂના પકડાય, માણસના જીવન સાથે ચેડાં થાય. બોગસ ડોક્ટરોની સુધ્ધાં કમી નથી. દર્દ સારું કરવા ગયેલ દર્દી ઉંટવૈદાથી ગંભીર બીમારીમાં સપડાય. માટે આવા ભેળસેળિયાઓને ખો ભૂલી જાય એવી સજા થવી જોઇએ. સમાધાન કે પાછલે બારણે પતાવટ કદી નહિ થવી જોઇએ. પાવડે પાવડે ઓસડવાની લ્હાયમાં પ્રજાની જિંદગી સાથે આવા ખેલ ક્યારે અટકશે. રેતીખનનથી જતા જીવ, માફિયા, બહુમતીથી ચૂંટાતી સરકાર વિરોધ પક્ષની નબળાઇ બાંધકામ રોજના અકસ્માતો ક્યારે અટકશે. બાવળના કાંટાએ સુગરીને બોલાવી પૂછ્યું, કેટલો બાકી છે. માળો જવાબ આપ્યો વ્હાલા બચ્ચાનો સવાલ છે... એમ ઉતાવળે થોડા બંધાય પેલા ફ્લેટનું પ્લાસ્ટર કરનારની જેમ.

**સુરત - કુમુદભાઇ બક્ષી**

## જવાબદાર વાલી કરે તો શું કરે?

હમણાં જ એક ટી.વી. ચેનલના સમાચાર મુજબ સીબીએસઈના નર્સરીથી ધો. 2 સુધીનાં બાળકો માટે જાદુઇ પિટારાનું નવું મોડેલ કાર્ટૂન જોતાં જોતાં મોબાઇલ કે સ્માર્ટ ટી.વી.માં એપથી ભણી શકાશે. એક તરફ સમાજશાસ્ત્રીઓ, બુધ્ધિજીવીઓ ગાજી બજાવીને કહે છે કે 14 વર્ષ સુધીનાં બાળકોને મોબાઇલ કે તેવા ગેઝેટથી દૂર રાખો. તેના રેડિયેશન બાળકદની આંખો સહિત શરીરનાં બીજાં અંગોને ભારે નુકસાન કરે છે. બીજી તરફ ભણતરમાં કવાયત શરૂ થઇ ગઇ છે. હવેનું બાળક વેસ્ટર્ન ટોયલેટથી માંડીને જમવાના સમયે પણ મોબાઇલના કાર્ટૂન કે તેની પસંદની ક્લીપો જોઇ રહ્યું છે. તેનાથી ભૂલકાંઓને બચવાના પ્રયાસ તેનાં માતા-પિતાઓ કરી રહ્યાં છે અને શાળાઓ અભ્યાસના નામે બાળકોને શારીરિક નુકસાન થાય તેવા સફળ પ્રયાસો હાથ ધરે છે. જવાબદાર વાલીઓ કરે તો શું કરે.

**સુરત - પરેશ ભાટિયા**

## આનંદ

આ દુનિયામાં મોટામાં મોટી અને મહત્ત્વની વાત કઈ? તો બીજાને આનંદ આપવાની. બીજાને આનંદ આપવા જેવો આનંદ આ ધરતી પર કોઈ જ નથી. એક નાના બાળકને ચોકલેટ આપો તો એ બાળક કેટલું ખુશ થઈ જાય છે. એનાથી થોડા મોટા છોકરાને ક્રિકેટનો શોખ હોય એને બેટ-બોલ લાવી આપીએ તો એ કેટલો આનંદિત થઈ જાય છે. નાની દીકરીને સરસ મઝાનું ફ્રોક આપો તો એ ખુશીથી ઝૂમી ઊઠે છે. ઉનાળાના બળબળતા તાપમાં બપોરે કોઈ ગરીબ માનવ પગમાં ચંપલ વગર જતો હોય એને આપણી ચંપલ કાઢીને આપી દઈએ અને ઠંડીમાં ઠુંઠવાતાં ફૂટપાથ પર સૂતેલા કોઈ જરૂરિયાતમંદને અડધી રાતે ધાબળો ઓઢાડી આવીએ તો એ ખુશ થઈને દુઆઓ આપશે. આમ આનંદ પણ નિર્દોષ હોવો જોઈએ. બીજાને તકલીફ આપે કે દુ:ખી કરે તેવો આનંદ ન હોવો જોઈએ. મનપસંદ મિત્રો મળ્યાં હોય અને તેની સાથે યોગ્ય અનુકૂળ જગ્યાએ શાંતિથી મહેફિલ માણીએ તો જાણે એક દિવસ ભરપૂર જીવ્યા જેવો આનંદ આવે, પરંતુ મોટે મોટેથી વાતો કરી કે સંગીત સાંભળી બીજાને ખલેલ પહોંચાડી કે તકલીફ આપી આનંદ લઈએ એ સાચો આનંદ નથી. એવી જ રીતે કોઈ પુરુષને સ્ત્રી મિત્ર હોય અથવા સ્ત્રીને પુરુષ મિત્ર હોય, બન્ને એકબીજાને માન સન્માન આપતાં હોય એકબીજાની કાળજી રાખતા હોય, સુખદુ:ખ વહેંચતાં હોય, એકબીજા પ્રત્યે સ્નેહ હોય, એ પ્રેમ પણ મતલબ વગરનો હોય ત્યાં એકબીજાને આનંદ આપવા શારીરિક સંબંધ સ્થાપવા જેવો સ્વર્ગીય આનંદ આ ધરતી પર બીજો કોઈ નથી. હા, આ સંબંધ ઘણો નાજુક છે, જે ભવિષ્યમાં લડાઈ ઝઘડા છેતરપિંડી કે બ્લેકમેઈલિંગ પણ થઈ શકે. પરંતુ જ્યાં એકબીજા પ્રત્યે અપાર, નિષ્પાપ, નિર્દોષ સ્નેહને તાંતણે મજબુતીથી બંધાયાં હોય ત્યાં આ વાતો ગૌણ બની જાય છે. માટે આ નાની મળેલ જિંદગીમાં જેટલો અને જેવો મળે તેવો આનંદ મળે તો એ ચોક્કસ મેળવી લેવો જોઈએ. આમ પણ આ ધરતી પર એટલા પ્રકારના આનંદ છે કે એક હજાર વર્ષનું જીવન પણ ઓછું પડે એમ છે. જિંદગીનો કોઈ ભરોસો નથી. આજનો દિવસ છેલ્લો છે એવું સમજી જીવન જીવી લેવું જોઈએ. પછી આપણને ચાહનાર વ્યક્તિ આ દુનિયામાંથી જતું રહે પછી રડવાનો કે અફસોસ કરવાનો કોઈ મતલબ નથી.

**વ્યારા. - સંજય ઢીમર**

## વાંસળીવાળો કલાકાર

કલા એટલે લલિતવિદ્યાને લગતી કોઈ પણ એક શક્તિ. શાસ્ત્રોમાં 64 પ્રકારની કલાનો ઉલ્લેખ જોવા મળે છે. કલાકાર એટલે તે તે વિદ્યામાં નિષ્ણાત-આર્ટિસ્ટ. સૌ પોતાની રસ-રુચિ અનુસાર સાહિત્ય, કલા તરફ વળે છે. કલા માનવજીવનને આનંદ આપે છે. ચિત્ર, શિલ્પ, નૃત્ય, નાટય સંગીત, સ્થાપત્ય, ફોટોગ્રાફી દરેક સ્થિતિમાં સર્જનનાં સૌંદર્યતત્ત્વનો અધિકારી કલાકાર છે. શબ્દ દ્વારા પ્રગટ કરનાર સાહિત્યકાર કહેવાય. આજે એક વાંસળી વેચનારને સાંભળીને કલાકારની યાદ આવી. સવારમાં ઘર પાસે વાંસળીનો સુંદર અવાજ સાંભળીને બહાર આવતાં જોયું તો, 25 વર્ષનો એક યુવાન રોજીરોટી માટે વાંસળી વેચાવા માટે નીકળ્યો હતો. ભારે કલાકાર. તપાસ કરતાં જણાવ્યું કે, આજીવિકા માટે બાપ-દાદાનો આ વ્યવસાય હોય બાળપણથી જ વાંસળી વગાડવાની તાલીમ મળી જાય. બસ, પછી વાંસળી વેચીને જીવનનિર્વાહનો પ્રશ્ન હલ થઈ જાય. અહીં મને મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીનું ‘વાંસળીવાળો’ કાવ્ય યાદ આવ્યું, જેમાં સંગીતનું સૌંદર્ય અને એની મસ્તી વ્યંજિત થઈ છે. વાંસળીની કિંમત ભલે ઓછી હોય, એનો સ્વર-નાદ તો અમૂલ્ય છે અને વેચનાર માત્ર વેપાર કરતો વેપારી નહીં, એય પછી કલાકાર બની રહે છે! પેટ ભરવાની પ્રવૃત્તિથી મન ભરાય એનો આનંદ જ જુદો હોય છે. આજે તો બધે જ વંશપરંપરાગત ગતિ ચાલે, એટલે જેની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તે પાછળ રહી જાય. અલબત્ત, કોઈક જ પોતાની રીતે આગળ આવે એમ બને. નહીંતર રોજીરોટી માટે મજૂરીકામમાં જીવન પૂર્ણ થઈ જાય. કલાકારોની સાચી કળાની કદર થાય એવા માહોલનું સર્જન થશે તો આવનારા ભવિષ્યમાં ઉત્તમ સાહિત્યકાર-કલાકાર મળી શકશે.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

## સુરત શહેર પોલીસ કમિશનર અને શી (she) ટીમ

સુરત શહેર પોલીસ કમિશનરપદે આરૂઢ થતાં જ શ્રી ગેહલોતે પહેલું કામ શહેરમાં ગુનાખોરીને ડામવાનું, ખાસ કરીને મહિલાઓ સાથે વર્ક પ્લેસ પર થતી જાતીય સતામણી , ઘરેલુ હિંસા , સિનિયર સિટીઝનના પ્રશ્નોને વાચા આપવા કામગીરી હાથ ધરી છે અને શી ( she ) ટીમને કાર્યરત કરી છે. શહેરના છેવાડાના વિસ્તારો જેવા કે કતારગામ, કાપોદ્રામાં તો એકતરફી પ્રેમમાં યુવતીઓ પર જીવલેણ હુમલા જેવી ઘટનાઓ વધતી જાય છે અને દર ચોથે ઘરે એક ઘરેલુ હિંસાનો બનાવ બનતો જોવા મળે છે. પોતાની સુરક્ષા માટે ૧૦૦, ૧૦૮ અભયમ મહિલા હેલ્પલાઇન જેવા નંબરો તો છે જ. પણ કેટલીક મહિલાઓ તેનાથી અજાણ હોય અથવા કોઈક ડરને કારણે તેનો ઉપયોગ ન કરતી હોય તેવા કિસ્સામાં તેમણે શી ટીમને ઘરે ઘરે ફરી ( stand by કરી )મહિલાઓને સમજાવવા આદેશ કર્યો હતો. જે વહીવટનું જમા પાસું કહી શકાય. તો આવા બનાવો બનતાં હોય ત્યાં મહિલાઓ પોતે જાગૃત થઈ શી ટીમને સહકાર આપે અને અભિયાનને સફળ બનાવે. સુરતને સિંગાપોરના લેવલ પર મૂકવાનું સપનું તો છે જ, પરંતુ ( zero crime city ) લેવલ પર મૂકવાનું વધુ યથાર્થ લેખાશે.

**સુરત - વૈશાલી શાહ**